બેન્કિંગ અને નાણાકીય નીતિ

સંસ્કૃત ભાષા પ્રમાણે બેન્ક શબ્દનો અર્થ શું થાય ?

A. નાણાંનો પૂરવઠો

B. મૂડીનો જથ્થો

C. મૂડીરોકાણ

D. વ્યવસાય

- B.મૂડીનો જથ્થો

ભારતમાં વેપારી બેન્કમાં મોટે ભાગે કેટલા પ્રકારના ખાતાઓ હોય છે ?

A. 2

B. 6

C. 10

D. 3

- D.3

ટૂંકા ગાળાનું ધિરાણ સૈદ્ધાંતિક રીતે કેટલા સમયગાળા માટેનું હોય છે ?

A. 1 વર્ષ સુધીનું

B. 1 થી 3 વર્ષ સુધીનું

C. 1 થી 5 વર્ષ સુધીનું

D. 5 થી 15 વર્ષ સુધીનું

- A.1 વર્ષ સુધીનું

મધ્યસ્થ બેંન્ક એટલે શું ?

A. ખાનગી બેંન્ક

B. દેશની સર્વોચ્ચ બેંન્ક

C. સહકારી બેંન્ક

D. વિદેશી બેંન્ક

- B.દેશની સર્વોચ્ચ બેંન્ક

RBI અન્ય બેંન્કો પાસેથી અત્યંત ટૂંકા સમયનું ધિરાણ લે તેના દરને શું કહેવાય ?

A. રેપો રેટ

B. બેંન્ક રેટ

C. રિવર્સ રેપોરેટ

D. ખુલ્લા બજારનો દર

- D.ખુલ્લા બજારનો દર

બેન્કનો અર્થ આપો.

- બૅન્ક એટલે માંગવામાં આવે એટલં નાણાં પરત કરવાની શરતે ધિરાણ કરવાના હેતુથી બચતો એકત્રિત કરતી સંસ્થા.

વેપારી બૅન્કનો અર્થ આપો.

- વેપારી બૅન્ક એટલે એવી સંસ્થા જે બૅન્કિંગ અંગેના વ્યવહારો કરે.

મધ્યસ્થ બૅન્ક અર્થ આપો.

- આર.પી. કૅન્ટના મતે, "મધ્યસ્થ બૅન્ક એટલે એવી સંસ્થા જેને દેશના સામાન્ય હિત માટે અર્થતંત્રમાં નાણાંના જથ્થાના વિસ્તરણ અને સંકોચનની જવાબદારી સોંપવામાં આવી હોય."

નણાકીય નીતિનો અર્થ આપો.

- દેશમાં આર્થિક વિકાસને ધ્યાનમાં લઈ પ્રજાનું હિત જાળવીને આર્થિક સ્થિરતા માટે સર્વોચ્ચ બૅન્ક દ્વારા નાણાંનો પુરવઠો અંકુશિત કરવા અંગેની નીતિ એટલે નાણાકિય નીતિ.

નાણાકીય નીતિના પરિણાત્મક સાધનો એટલે શું ?

- જે સાધનો સમગ્ર પર એકસરખી અસર પહોંચાડે છે, તે સાધનોને નાણાકીય નીતિના પરિણાત્મક સાધનો કહે છે.

નાણાકીય નીતિમાં ગુણાત્મક સાધનો એટલે શું ?

- જે સાધનો સમગ્ર અર્થતંત્રના બધાં ક્ષેત્રોને એકસરખી અસર પહોંચાડતાં નથી, તે સાધનોને નાણાકીય નીતિનાં ગુણાત્મક સાધનો કહે છે.

બૅન્ક શબ્દનો ઉદાભવ શી રીતે થયો ?

સંસ્કૃતમાં બૅન્કને મળતો શબ્દ 'ભાંડ' છે, જે પરથી 'ભંડોળ' શબ્દ બન્યો છે.

અંગ્રેજીમાં બૅન્ક શબ્દ ફ્રેંચ શબ્દ 'Banca' અને ઈટાલિયન શબ્દ 'Banque' પરથી ઉતરી આવ્યો છે.

પ્રાચીન સમયમાં યુરોપના દેશોમાં શરાફો ઢળતી પાટલી પરના નાણાંના જથ્થાની ફેરબદલી કરતાં. તેથી 'બૅન્ક' શબ્દ અગ્રેજીમાં વપરાવવા લાગ્યો.

આ રીતે 'બૅન્ક' શબ્દનો ઉદ્દભવ થયો, જેને નાણાંના ભંડોળ સાથે સંબંધ છે.

વેપારી બૅન્કનાં ખાતાઓ વિશે જણાવો.

- વેપારી બૅન્કનાં મુખ્યત્વે ચાર પ્રકારનાં ખાતાઓ હોય છે :

1. ચાલુ ખાતાઓ : આ પ્રકારનાં ખાતા ધંધા કે પેઢીના નામે ખોલવામાં આવે છે.

ધંધા માટે દિવસમાં ગને તેટલી વાર નાણાંનો ઉપાડ ચેક દ્વારા થઈ શકે છે.

ચાલુ ખાતામાં રખાતાં નાણાં પર વ્યાજ મળતું નથી. પરંતુ બૅન્ક ખાતેદાર પાસેથી અમુક પ્રકારનો સર્વિસ ચાર્જ વસૂલ કરવામાં આવે છે.

ખાતેદાર ખાતામાં જમા કરતાં વધારાનાં નાણાં નિયમ મુજબ ધંધા માટે ઉપાડી શકે છે.

2. બચત ખાતાઓ : આ પ્રકારના ખાતા વ્યક્તિઓ પોતાની ટૂંકા ગાળાની બચત માટે ખોલાવે છે.

ચેક, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, ATM કાર્ડ દ્વારા ઉપાડી શકે છે.

3. રિકરિંગ ખાતાઓ : આવાં ખાતાં જે વ્યક્તિઓ એકસાથે બચત કરવા ન ઈચ્છતી હોય પરંતુ અમુક ચોક્કસ સમયગાળા દરમિયાન દર મહિને કોઈ ચોક્કસ રકમ ખાતામાં જમા કરવા ઈચ્છતી હોય તેવી વ્યક્તિઓ ખોલાવે છે.

4. લાંબા ગાળાનાં ખાતા : આ પ્રકારના ખાતામાં ચોક્કસ મુદત માટે નાણાં મૂકી શકાય છે. જેની પર બૅન્ક દ્વારા સૌથી વધુ વ્યાજ ચૂકવવામાં છે.

લંબા ગાળા માટે બચત કરવા ઈચ્છતી વ્યક્તિઓ આ પ્રકારના ખાતાં ખોલાવે છે, જેને ફિક્સ ડિપોઝિટ ખાતા તરીકે ઓળખવામાં આવે છે.

મધ્યસ્થ બૅન્કના કાર્યો ટુંકમાં સમજાવો.

ભારતની મધ્યસ્થ બૅન્ક તરીકે રિઝર્વ બૅન્ક ઓફ ઈન્ડિયા – RBI નીચેનાં કાર્યો કરે છે :

મધ્યસ્થ બૅન્ક દેશનું ચલણી નાણું બહાર પાડવાનું અત્યંત મહત્વનું કાર્ય કરે છે. અર્થતંત્ર જરૂરિયાત પ્રમાણે નાણાંના પ્રમાણમાં વખતોવખત જરૂરી ફેરફાર કરવાની જવાબદારી RBIની છે. સરકારના એજન્ટ તરીકે RBI નાણાંની વહેંચણી કરવાની જવબદારી નિભાવે છે.

RBI સરકારની બૅન્ક તરીકે, તેમના નાણાકીય એજન્ટ અને નાણાકીય સલાહકાર તરીકે કાર્ય કરે છે.

બૅન્કોની બૅન્ક તરીકે RBI ભારતની બધી ક શિડ્યુલ્ડ બૅન્કનું નિયમન કરે છે. કોઈ પણ શિડ્યુલ્ડ બૅન્કની નાણાકીય કટોકટીના સમયે મધ્યસ્થ બૅન્ક અંતિમ સહાયક કે 'સંકટ સમયની સાંકળ' બની રહે છે.

RBI વેપારી બૅન્કોની શાખસર્જનની પ્રવૃત્તિ તથા નાણાંના પુરવઠાનું નિયમન કરે છે.

RBI ભારતના વિદેશી હુંડિયામણના જથ્થાની જાળવણી કરે છે. તેમજ ભારતમાં આવતી વિદેશી મૂડી કે ભારત બહાર જતી વિદેશી મૂડી પર ધ્યાન રાખે છે.

RBIનાં કેટલાંક બિનનાણાકીય કાર્યો નીચે મુજબ છે.

RBI ભારતના સમગ્ર મૂડી બજાર અને નાણાં બજારની કામગીરી પર દેખરેખ રાખે છે અને તેનું નિયમન કરે છે.

RBI લોકોમાં બૅન્કિંગ વ્યવહારો અંગેની જાગૃકતા લાવવા સતત પ્રયાસો કરે છે. તે માટે ગ્રામીણ બૅન્કો અને સહકારી બૅન્કોને પ્રોત્સાહન આપે છે.

આર્થિક પરિવર્તનનો લાભ મેળવવા માટે RBI આગ્રીમતા ધરાવતા ક્ષેત્રો જેવાં કે ખેતી, નાના ઉદ્યોગો, પરંપરા ગૃહૌદ્યોગો, ધરાવતા ક્ષેત્રો જેવાં કે ખેતી, નાના ઉદ્યોગો, પરંપરા ગૃહઉદ્યોગો, સ્વરોજગારો વગેરે માટે ખાસ ધિરાણ વ્યવસ્થા ઉભી કરે છે.

બૅન્કોના ગ્રાહકોના હિત અને હક્કની જાળવણીનું કાર્ય પણ RBI કરે છે.

વેપારી બૅન્ક અને મધ્યસ્થ બૅન્ક વચ્ચેનો તફવત જણાવો.

વેપારી બૅન્ક અને મધ્યસ્થ બૅન્કનાં સ્વરૂપ, કાર્યક્ષેત્ર તથા સત્તાઓ વચ્ચે વિશાળ અંતર છે. તેમની વચ્ચેના તફાવતના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે :

	વેપારી બૅન્ક	મધ્યસ્થ બૅન્ક
1	વેપારી બૅન્કો લોકોની થાપણો સ્વીકારે છે અને લોકોને વ્યાજે નાણાં ધીરે છે.	મધ્યસ્થ બૅન્ક વેપારી ધોરણે લોકોની થાપણો સ્વીકરાવાનું કે ધીરધાર કરવાનું કર્ય કરતી નથી.
2	વેપારી બૅન્કોની પ્રવૃત્તિઓનો મુખ્ય ઉદ્દેશ નફો કરવાનો હોય છે.	મધ્યસ્થ બૅન્ક નફો કરવાના આશયથી નહિ, પરંતુ દેશની આર્થિક સ્થિરતા જાળવવાના અને દેશના આર્થિક વિકાસમાં સહાયક તથા માર્ગદર્શક બનવાના આશયથી અનેકવિધ કાર્યો કરે છે.
3	વેપારી બૅન્કો એ લોકો માટેની બૅન્કો છે.	મધ્યસ્થ બૅન્ક 'બૅન્કોની બૅન્ક' અને 'સરકારની બૅન્ક' છે.
4	વેપારી બૅન્કો ખાનગી માલિકીની હોય છે.	મધ્યસ્થ બૅન્કની વિદેશોમાં શાખાઓ હોઈ શકે નહિ.
5	વેપારી બૅન્કોની વિદેશોમાં શાખાઓ હોઈ શકે છે.	મધ્યસ્થ બૅન્કની વિદેશમાં શાખાઓ હોઈ શકે નહિ.
6	દેશમાંના નાણાંના પૂરવઠા પર વેપારી બૅન્કો અંકુશ ધરાવતી નથી. તે ચલણી નોટો છાપી શકતી નથી.	મધ્યસ્થ બૅન્ક દેશનું ચલણી નાણું બહાર પાડવાનો ઈજારો ધરાવે છે. અને વેપારી બૅન્કોની શાખસર્જનની પ્રવૃત્તિ પર અંકુશ ધરાવે છે. આથી દેશમાંના કુલ નાણાંના પૂરવઠા પર તેનો અંકુશ રહે છે.
7	વેપારી બૅન્કો મધ્યસ્થ બૅન્કમાં ખાતાં ધરાવે છે અને તેની અનૂમતિ તથા આદેશો અનુસાર કાર્ય કરે છે.	મધ્યસ્થ બૅન્ક દેશની સર્વોચ્ચ બૅન્ક હોય છે. તેને અન્ય કોઈ બૅન્કના આદેશ અનુસાર કાર્ય કરવાનું હોતું નથી.

વેપારી બૅન્કનાં મુખ્ય અને ગૌણ કાર્યોની યાદી આપી, દરેક કાર્યને એક વાક્યમાં સમજાવો.

વેપારી બૅન્કનાં મુખ્ય કાર્યો નીચે પ્રમાણે છે.

1. થાપણો સ્વીકારવી : પ્રજા થાપણોના સ્વરૂપે બેન્કને ધિરાણ આપે છે, જેના બદલામાં બેન્ક વ્યાજ ચુકવે છે.

2. ધિરાણની સવલતો પૂરી પાડવી : ધિરાણના હેતુના સંદર્ભમાં ધિરાણ ખાનગી હેતુ માટે, ખેતી કે ધંધાકીય હેતુ માટે કુદરતી આપત્તિ માટે કે કટોકટીના સમય માટે ટૂંકા ગાળાનું, મધ્યમ ગાળાનું કે લાંબા ગાળા માટેનું જોઈ શકે છે.

3. ચુકવણી અને ઉપાડની સવલત પૂરી પાડવી : બેન્ક ગ્રાહકોને ચેક, ડ્રાફ્ટ, ડેબિટકાર્ડ, ATM, ઈન્ટરનેટ બેન્કિંગ વગેરે સુવિધાઓ દ્વારા નાણાંની ચુકવણી અને ઉપાડની સગવડ આપે છે.

4. શાખસર્જનનું કાર્ય કરે છે : બેન્ક પોતાની પ્રાથમિક થાપણોમાંથી કાયદેસરનું રોકડ અનામતનું પ્રમાણ જાળવી ગ્રાહકોને ધિરાણ આપી અનેક થાપણોનું સર્જન કરે છે.

5. આંતરબેન્કિંગ વ્યવહારો કરવા : મધ્યસ્થ બેન્ક દ્વારા એક બેન્ક બીજી બેન્કને ટુંકા કે લાંબા ગાળા માટે ધિરાણ પૂરું પડે છે.

વેપારી બેન્કનાં ગૌણ કાર્યો નીચે મુજબ છે :

1. ગ્રાહકોના એજન્ટ તરીકે કામ કરે છે : ગ્રાહકોની વતી વીમાનાં પ્રીમિયમ, વીજળી બિલ, ટેલિફોન બિલ વગેરેની ચુકવણીની સુવિધાઓ આપે છે.

2. ગ્રાહકોને ઉપયોગે સેવાઓ પૂરી પાડે છે : બેન્કો મહત્વના દસ્તાવેજો, કિંમતી વસ્તુઓ, દાગીના વગેરેની સાચવણી માટે સેફ ડિપોઝિટ વૉલ્ટની સુવિધા આપે છે. તેમજ ચુકવણીની વિશ્વસનીયતા માટે બેન્ક ડ્રાફ્ટ કે પે-ઑર્ડરની સુવિધા પૂરી પાડે છે.

3. આધુનિક સેવાઓ પૂરી પાડે છે : એક બેન્કના ખાતામાંથી કોઈ બીજી બેન્કના ખાતામાં ઝડપથી નાણાંની ઈલેક્ટ્રોનિક ટ્રાન્સફર માટે NEET, RTGS, ઈન્ટરનેટ બેન્કિંગ, મોબાઈલ ફોન બેન્કિંગ વગેરે જેવી સુવિધાઓ પૂરી પાડે છે. DEMAT ખાતાની સગવડ દ્વારા શેર-સ્ટૉક વગેરે e-સ્વરૂપે સાચવી શકાય છે.

મધ્યસ્થ બૅન્કના પરિણાત્મક અને ગુણાત્મક સાધનોની યાદી આપીને દરેક કાર્યને એક વાક્યમાં સમજાવો.

મધ્યસ્થ બૅન્કનાં પરિણાત્મક કાર્યો નીચે પ્રમાણે છે :

ચલણ બહાર પડવાનું કાર્ય કરે છે : રૂ. 2 કે તેથી વધુ મૂલ્યની નોટો છાપે છે અને ચલણી સિક્કાઓની વહેંચણીની જવાબદારી નિભાવે છે.

સરકારની બૅન્ક તરીકે કાર્ય કરે છે : કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની બૅન્કોના નાણાકિય એજન્ટ અને નાણાકીય સલાહકાર તરીકે મધ્યસ્થ બૅન્ક ફરજ બજાવે છે.

બૅન્કોની બૅન્ક તરીકે કાર્ય કરે છે : મધ્યસ્થ બૅન્કોની બૅન્ક તરીકે બૅન્કોની સ્થાપના, તેમની શાખાઓના વિસ્તાર, તેમની ધિરાણનીતિ, વ્યાજના દર વગેરે બાબતોનું નિયમન કરે છે.

બૅન્કોના અંતિમ સહાયક તરીકે કાર્ય કરે છે : કટોકટીના સમયે દેશમાં બધી વેપારી બૅન્કો માટે મધ્યસ્થ બૅન્ક અંતિમ સહાયક કે ‘સંકટ સમયની સાંકળ’ બની રહે છે.

શાખા નિયમનનું કાર્ય કરે છે : અર્થતંત્રમાં સ્થિરતા આવે અને અર્થતંત્રનો વિકાસ થાય તે મુજબ મધ્યસ્થ બૅન્ક વેપારી બૅન્કોની શાખાસર્જનની પ્રવૃત્તિનું નિયમન કરે છે.

વિદેશી હુંડિયામણની જાળવણી કરે છે : મધ્યસ્થ બૅન્ક ભારતના ચલણનું મૂલ્ય અન્ય દેશોના ચલણની સામે જળવાઈ રહે તેની કામગીરી કરે છે.

મધ્યસ્થ બૅન્કના ગુણાત્મક કાર્યો નીચે પ્રમાણે છે.

નિયમન અને દેખરેખની કામગીરી કરે છે : ભારતના સમગ્ર મૂડીબજાર અને નાણાબજારનાં કાર્યોનું નિયમન કરે છે અને તેની દેખરેખ રાખે છે.

પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે : મધ્યસ્થ બૅન્ક લોકોમાં બૅન્કિંગ વ્યવહારો અંગેની જાગૃતિ લાવવાના પ્રયત્નો કરે છે અને ગ્રામીણ બૅન્કો તેમજ સહકારી બૅન્કોને પ્રોત્સાહન આપે છે.

સમાવેશી વિકાસ માટેનાં કાર્ય કરે છે : આર્થિક પરિવર્તનોનો લાભ દેશના દરેક પ્રકારના લોકોને મળી રહે તેવા સતત પ્રયત્નો મધ્યસ્થ બૅન્ક કરે છે. ઉપરાંત અગ્રીમતા ધરાવતા ક્ષેત્રો માટે ખાસ ધિરાણ વ્યવસ્થા ઊભી કરે છે.

વેપારી બૅન્કનો અર્થ આપી તેના કર્યો સમજાવો.

વેપારી બૅન્કનો અર્થ : 1949ના બૅન્કિંગ કંપની કાયદા મુજબ, “વેપારી બૅન્ક એટલે એવા સંસ્થા જે બૅન્કિંગ અંગેના વ્યવહારો કરે અર્થાત દેશમાં રોકાણ વધારવા માટે પ્રજાની થાપણો સ્વીકારે અને જ્યારે ગ્રાહકને જરૂર પડે ત્યારે પાછી મળે અને જેમાંથી ચેક, ડ્રાફ્ટ, પે-ઓર્ડર વગેરે ઉપાડ થઈ શકે.”

વેપારી બૅન્ક જે થાપણો સ્વીકારે છે તે થાપણોનું કોઈ ક્ષેત્રમાં રોકાણ કરી કે સરકારી જામીનગીરીઓની ખરીદી કરે નફો કે આવક મેળવે છે, જ્યારે જરૂરિયાતવાળા લોકોને ધિરાણ આપી વ્યાજ વસૂલ કરીને કમાણી કરે છે. આમ, વેપારી બૅન્ક ધંધાદારી સંસ્થા છે.

બૅન્કો નાણાંની હેરફેર કરીને નફો કમાવવા માટેનો ધંધો કરે છે. તેથી જ તેમને વેપારી બૅન્કો કહે છે.

વેપારી બૅન્કનાં મુખ્યકાર્યો નીચે પ્રમાણે છે.

થાપણો સ્વીકારવી : વેપારી બૅન્ક પ્રજા પાસે રહેલી બચતોને થાપણના સ્વરૂપે સ્વીકારી સાચવે છે અને બદલામાં તેમને વ્યાજ ચૂકવે છે.

ચાલુ ખાતાની થાપણોમાંથી જેટલી વાર ઉપાડ કરવો હોય તેટલી વાર ઉપાડ થઈ શકે છ, પરંતુ આવી થાપણો પર વ્યાજ મળતું નથી.

બચત ખાતાની થાપણો ટૂંકાગાળાની બચતો છે, જેમાંથી જ્યારે જરૂર પડે ત્યારે ચેક દ્વારા જે ડિબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ વગેરે દ્વારા ઉપાડ કરી શકાય છે. આવી થાપણો પર વેપારી બૅન્ક વ્યાજ ચુકવે છે.

રિકરિંગ ખાતાની થાપણોમાં વ્યક્તિઓ અમુક સમયગાળા દરમિયાન કોઈ ચોક્કસ રકમ ખાતામાં જમા કરાવતી રહે છે. આમ, વ્યક્તિની થાપણ વધતી જાય છે, જેના પર તેને વ્યાજ મળતું રહે છે.

લાંબા ગાળાની થાપણો ચોક્કસ મુદત માટેની હોય છે, જેની પર વેપારી બૅન્ક સૌથી વધુ વ્યાજ ચૂકવે છે.

ધિરાણની સવલતો પૂરી પાડવી : અર્થતંત્રમાં જુદા જુદા વર્ગના લોકોને ધંધા કે અન્ય કારણોસર નાણાંની જરૂર પડે ત્યારે બૅન્ક વ્યાજ વસૂલીને વિવિધ પ્રકારનું ધિરાણ આપે છે. આવું ધિરાણ ટૂંકા ગાળાનું, મધ્યમ ગાળાનું કે લાંબા ગાળાનું હોઈ શકે.

ઉપરાંત, ખાનગી હેતુ માટે, ખેતી માટે, ધંધાકીય હેતુ માટે, કુદરતી આપત્તિ અને કપરા સમય માટે ધિરાણની સવલતો આપે છે, જે માટે વ્યાજના દર જુદા જુદા હોય છે.

નાણાંની ચુકવણી અને ઉપાડની સવલતો પોરી પાડે છે : ચેક, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, ATM, ઈન્ટરનેટ બૅન્કિંગ વગેરે સુવિધાઓ દ્વારા વેપારી બૅન્ક ગ્રાહકોને સરળતાથી નાણાની ચુકવણી કરવાની અને નાણાં ઉપાડવાની સવલતો આપે છે.

શાખસર્જનનું કાર્ય કરે છે : વેપારી બૅન્કનું મહત્વનું કાર્ય શાખસર્જનનું છે. શાખસર્જન દ્વારા બૅન્ક પોતાની પાસેની થાપણોમાંથી નવા નાણાંનું સર્જન કરી નાણાંનો પુરવઠો વધારે છે.

વ્યક્તિઓ, કુટુંબો કે પેઢીઓ દ્વારા બૅન્કમાં થાપણરૂપે મુકાયેલા નાણાંને પ્રાથમિક થાપણો કહે છે. બૅન્ક પોતાની પ્રાથમિક થાપણમાંથી ધિરાણનો ચેક આપે ત્યારે ધિરાણ લેનાર વ્યક્તિ બૅન્કના ખાતામાં કે અન્ય બૅન્કનાં પોતાના ખાતામાં તે ચેક જમા કરાવે છે. ચેક જમા થતાં તેના ખાતામાં તેટલી રકમની દ્વિતિય થાપણ જમા થાય છે. આ થાપણમાંથી ત્રીજી વ્યક્તિને ધિરાણ મળે અને નવી જમા રકમ નોંધાય છે. આમ, એક થાપણમાંથી અનેક થાપણો સર્જાય છે.

શાખ સર્જનનો આધાર બૅન્કમાં કેટલા પ્રમાણમાં રોકડ અનામત જાળવવાની છે, તેની ઉપર છે.

જો પ્રાથમિક થાપણ રૂ 10,000 હોય અને રોકડ અનામતનું પ્રમાણ 20% હોય, તો બૅન્ક 10,000 = 50,000 જેટલા નાણાંનું સર્જન કરી શકે છે. અર્થાત બૅન્ક રૂ. 10,000 ના નાણાંના જથ્થામાંથી રૂ. 50,000 ના નાણાનો પુરવઠો ઊભો કરશે અને રૂ. 40,000 જેટલા નવા નાણાંનું સર્જન થશે.

જમા રકમ કરતાં વધુ ઉપાડ અર્થાત અતિરિક્ત ઉપાડ દ્વારા પણ શાખાસર્જન થાય છે.

આંતર બૅન્કિંગ વ્યવહારો કરવા : મધ્યસ્થ બૅન્ક દ્વારા એક બૅન્ક બીજી બૅન્કને ટુંકા કે લાંબા ગાળા માટે જે ધિરાણ આપે છે, તે Call money કહેવાય છે. આવા, ધિરાણ પર લેવાતા વ્યાજનો દર Call money rate કહેવાય છે.

વેપારી બૅન્કનાં ગૌણ કાર્યો નીચે મુજબ છે.

ગ્રાહકના એજન્ટ તરીકે કાર્ય કરે છે : વીમાના પ્રીમિયમ., કરવેરાના ચલણ, વીજળીના બિલ, ટેલિફોન બિલ વગેરેની ચુકવણી ગ્રાહક વતી બૅન્ક કરે છે.

ગ્રાહકોને ઉપયોગી સેવાઓ પૂરી પાડવી : મહત્વના દસ્તાવેજ, કિંમતી વસ્તુઓ, દાગીના વગેરેની સાચવણી માટે બૅન્કે સેફ ડિપોઝિટ વૉલ્ટની સુવિધા ભાડું વસૂલ કરીને પોતાના ગ્રાહકોને પૂરી પાડે છે. કેટલીક આર્થિક પ્રવૃત્તિઓ માટે પોતાના ગ્રાહકોને પૂરી પાડે છે. કેટલીક આર્થિક પ્રવૃત્તિઓ માટે પોતાના ગ્રાહક માટે બૅન્ક બાંયધરી પણ આપે છે. નાણાંની ચુકવણી વિશ્વસનીય બને તે માટે બૅન્ક ડ્રાફ્ટ અથવા પે-ઑર્ડરની સુવિધા પણ બૅન્ક પૂરી પાડે છે.

ગ્રાહકોને આધુનિક સેવાઓ પૂરી પાડે છે : એક બૅન્કના ખાતામાંથી બીજી બૅન્કના ગ્રાહકના ખાતામાં ઝડપથી મિનિટોમાં નાણાંની ઈલેક્ટ્રોનિક હેરફેર માટે NEET અને RTOS જેવી સેવાઓ ઉપલબ્ધ કરાઈ છે. ઈન્ટરનેટ બૅન્કિંગ તેમજ મોબાઈલ ફોન બૅન્કિંગ જેવી સુવિધાઓ દ્વાર ગ્રાહક પોતાના ખાતાની બધી વિગતો પોતાના કમ્પ્યુટર કે મોબાઈલ ફોન પર મેળવી શકે છે. Demat ખાતા દ્વારા ગ્રાહકો પોતાના શેર-સ્ટોક વગેરેને e-સ્વરૂપે સાચવી શકે છે.